॥ ૐ શ્રી હરિ ॥

# પ્રભુ ભક્તિ અને ગુરૂજ્ઞાન.




સંગ્રહ કર્ત્તા:—

**ભગવાનલાલ ગૌરીશંકર હરિકીર્તનકાર,**

ઘોલા જંકશન:-ભાવનગર. હાલ મુંબઇ,



પ્રકાશક:—

**ધર્મપ્રેમી કાલીદાસ પ્રભુરામ જોશી,**

વત ૧૯૮૭ આશ્વિન શુદિ પૂર્ણિમા, સન ૧૯૩૧.

પ્રથમાવૃત્તિ પ્રત ૧૦૦૦.


ધર્મોપદેશકોને વિનામુલ્યે આપવામાં આવશે.

મૂલ્ય રૂ. ૦-૪-૦ ચાર આના.




લક્ષ્મી નારાયણ.

ઇન્ડીયન આર્ટ પ્રેસ, કાલબાદેવી રોડ, મુંબઈ.



શા લલ્લુભાઈ ત્રીભોવનદાસ.

જન્મઃ-સંવત ૧૯૩૯ શ્રાવણ વદી ૫, સદ્ધર્મ પરાયણ હરિવિઠ્ઠલના પરમભક્ત.

ઇન્ડીયન આર્ટ પ્રેસ, કાલબાદેવી રોડ, મુંબઈ,



સદ્ધર્મપરાયણ

શેઠ જમનાદાસ હરખજી સંઘવી,

મુંબઈ.

ઇન્ડીયન આર્ટ પ્રેસ, કાલબાદેવી રોડ, મુંબઈ.



ભગવાનલાલ ગૌરીશંકર હરદાસ કીર્તનવૃન્દ વાચસ્પતિ.

જન્મઃ—સં. ૧૯૪૪, મહા શુદ ૭,

શુભનિવાસ ધોલાજંકશન, સંસ્થાન ભાવનગર.

|| ॐ श्री हरि ||

श्री लक्ष्मीनारायणाभ्याम् नमः

# अर्पण पत्रिका

वसुदेवसुतं देवं कंसचाणूर मर्दनम् ।
देवकी परमानंदं कृष्णं वंदे जगद्गुरुम् ॥

આપ વસુદેવના પુત્ર એવા કંસ ચાણૂર આદિનો નાશ કરનાર એવા પોતાની માતા જે દેવકી તેને આનંદ આપવાવાળા એવા અને જગદ્ગુરૂ સ્વરૂપ શ્રી કૃષ્ણચંદ્ર ભગવાનને હું વંદન કરૂં છું.

**અર્થાતઃ—ददामि बुद्धि योगं तं येन मामुपयांति ते ।**

તે સર્વાન્તર્યામી પ્રભુની પ્રેરણાથી જે લખાણું તે શ્રી હરિને અર્પણ-અસ્તુ.

**"જગજ્યોતિ સ્વરૂપ ભગવાનકી જય."**

લી૰ નમ્ર સેવક,

માનશંકર ભગવાનલાલના સાષ્ટાંગ દંડવત પ્રણામ.

સ્વ. તિર્થસ્વરૂપ માતા તથા પિતાના પૂણ્ય સ્મરણાર્થે આ લઘુગ્રંથ શ્રી પ્રભુ ચર્ણકમલમાં અર્પણ. લી. **હરદાસ.**

## આર્થિક સહાયકઃ—

રા. રા. લલ્લુભાઇ ત્રીભોવનદાસ, મુંબઈ.
રા. રા. માણેકલાલ ચુનીલાલ ચીનાઇ, અમદાવાદ.
રા. રા. ચાંપશી જીવણદાસ, મુંબઈ.
રા. રા. ત્રીભોવનદાસ ભગવાનદાસ, મુંબઇ.
રા. રા. રામચંદ્રભાઈ પાટણ.
રા. રા. રેવાશંકર મયારામ સુખડવાળા, મુંબઈ.
રા. રા. જમનાદાસ હરખજી સંઘવી, મુંબઈ.

ओम् श्रीहरि

## अथ ध्यानम्

**शान्ताकारं भुजगशयनं पद्मनाभं सुरेशं।**
**विश्वाधारं गगन सदृशं मेघवर्णं शुभाङ्गम् ॥**
**लक्ष्मीकान्तं कमलनयनं योगिभिर्ध्यान गम्यं।**
**वन्दे विष्णुं भवभयहरं सर्व लोकैक नाथम् ॥**

**અર્થ**-જેમની આકૃતિ અતિશય શાન્ત છે, જે શેષ નાગની શય્યાપર શયન કરી રહ્યા છે, જેમની નાભિમાં કમળ છે, જે દેવતાઓના પણ ઇશ્વર અને આખા જગતના આધાર છે, જે આકાશની પેઠે સર્વત્ર વ્યાપ્ત છે, નીલ મેઘ જેવો જેમનો વર્ણ છે, જેમના સર્વ અંગો અત્યન્ત સુંદર છે, જે યોગીઓ વડે ધ્યાન કરીને પ્રાપ્ત કરાય છે, જે સંપૂર્ણ લોકોના સ્વામિ છે, જેઓ જન્મ–મરણ ભયરૂપને નાશ કરનારા છે, એવા **लक्ष्मीपति** કમળનેત્ર શ્રી વિષ્ણુ ભગવાનને હું (મસ્તક વડે) પ્રેમથી પ્રણામ કરૂં છું.

**यं ब्रह्मा वरुणेन्द्र रुद्र मरुतः स्तुन्वन्ति दिव्यैःस्तवैर्वेदैः**
**साङ्गपदक्रमोपनिषदैर्गायन्ति यं सामगाः ।**
**ध्यानावस्थित तद्गतेन मनसा पश्यंति यं योगिनो**
**यस्यान्तं न विदुः सुरासुरगणा देवाय तस्मै नमः ॥**

**અર્થ**–બ્રહ્મા, વરૂણ, ઇંદ્ર, રૂદ્ર અને મરૂદ્દગણો દિવ્યસ્તોત્રોવડે જેમની સ્તુતિ કરેછે, શામવેદને ગાયન કરનારા અંગો પદો, ક્રમો અને ઉપનિષદો સહિત વેદો વડે જેમનું (ગુણ) ગાન કરેછે, યોગી જેના ધ્યાનમાં સ્થિત થઇ તદ્દગત થયેલા મનવડે જેમનું દર્શન કરેછે અને દેવતા તથા અસુરો ( કોઇપણ ) જેમનો પાર પામતા નથી, તે ( પરમપૂરૂષ ) નારાયણ દેવને મારા નમસ્કાર છે.

# પ્રસ્તાવના.

## શ્રીયુત્ જમનાદાસ હરખજી સંઘવીનું નમ્ર નિવેદન.

"**પ્રભુ ભક્તિ** અને **ગુરૂજ્ઞાન**" ગ્રંથમાં અમુલ્ય વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે; સૂર્ય જેમ અંધકારનો નાશ કરેછે, તેમજ ગુરૂજ્ઞાન મેળવી ભક્તિ કરવાથી પરમ કૃપાળુ શ્રી હરિના ચરણકમળમાં વાસ કરેછે માટે આ લઘુ ગ્રંથનું નામ "**પ્રભુ ભક્તિ** અને **ગુરૂજ્ઞાન**" રાખ્યું છે.

જગતમાં અનેક પ્રકારના જીવો છે, તેમાં મનુષ્યાવતાર સર્વ પ્રાણી માત્રમાં શ્રેષ્ટ છે, અને એ મનુષ્યાવતારમાંજ પ્રભુના પરમપદને પામી શકાય છે. પ્રભુનું પરમપદ પામવા માટે ભગવાનની ભક્તિ કરી જ્ઞાન મેળવવાની ખાસ જરૂર છે. ભક્તિરૂપી કુમળા વૃક્ષને સત્સંગરૂપી જળ સીંચન કરવાની ખાસ આવશ્યકતા છે. સત્સંગ ઉપર પ્રીતિ રહેવા માટે ભગવદ્‌નાં તેમજ ભગવદ્ ભકતોનાં ઉત્તમ ચરિત્રો ખાસ જાણવાં જોઇએ. એવાં ઉત્તમ ચરિત્રો જાણવાથી બુદ્ધિ પવિત્ર થાય છે, કુવાસનાઓ દુર થાય છે. શ્રીમદ્ જગદ્‌ગુરૂ આદ્ય શંકરાચાર્ય ભગવાને કહ્યું છે કે **गेयं गिता नाम सहस्त्रं** ગાવું તો એજ કે જેમાં ઇશ્વરનું નામ આવે તેજ ગાવું; વળી સંસાર સાગર તરવા માટે ભક્તિ એ મ્હોટામાં મ્હોટું નાવ છે. એ નાવમાં બેસવાની અનુકુળતા માત્ર મનુષ્યાવતારમાંજ મળે છે; છતાં કેટલાક વિષયાન્ધ પ્રાણીઓ કામ, ક્રોધ, લોભ, મોહાદિને વશ થઇ, મિથ્યા માયાની જાળમાં ફસાઇ અમુલ્ય માણીમય

મનુષ્ય દેહ ક્ષણિક સુખમાં ગુમાવેછે અને લક્ષ ચોરાશી યોનીમાં પડેછે. "**पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननी जठरे शयनं**" વારંવાર જન્મવું વારંવાર મરવું અને વારંવાર ગર્ભાશયનું દુઃખ ભોગવવું પડેછે, મનુષ્યાવતારનું ખરૂં કર્તવ્ય જાણતો નથી, તેમજ ઇંદ્રિયોનાં વિષયસુખ ભોગવી, અજ્ઞાનરૂપી અંધકારમાં અથડાયા કરેછે, તો સદ્‌ગુરૂ મુખે જ્ઞાન મેળવી પ્રભુ ભક્તિ કરવાથી જન્મ મરણ મટેછે. કારણકે આપણું પ્રત્યેક મનુષ્યોનું કર્તવ્ય નનિવર્તકપદ અથવા અખંડાનંદ પ્રાપ્તિ અર્થે હોવું જોઇએ. પણ તે પદપ્રાપ્તિ સ્વધર્મ પાલન ઉપર આધાર રાખેછે તેથી તે સ્વધર્મની ઓળખાણ પ્રથમ કરવી એ આવશ્યક છે. આજકાલ દર્શન, પૂજન, વૃત, નિયમ અને માળા તિલકનેજ સ્વધર્મ મનાય છે, અને પરાઇ પીડની પળ પણ પરવા કરાતી નથી, એ કાંઇક સ્વધર્મ સહમજણમાં શોચનીય ભૂલ સમજાય છે. વળી ભારે ગડગડાટની સાથે ભક્તિ થતી દેખાડી ત્રાસદાયક કોલાહલ મચાવવો એ પણ સ્વધર્મ શ્રેણીનું પ્રશંસનીય પગથીયું હોય, એમ પણ સમજાતું નથી. કદી કહીએ કે ભાવે કભાવે પણ ભગવાનનું નામ લેવાય સંભળાય છે તો એ વર્જનીય વાર્ત્તા નથી; પણ આટલું તો દોષ રહિત દેખાય છે કે એક મનુષ્યને દુધે નવરાવવું તે કરતાં તેને દુધ પાઇ પોષવું એ વધારે ઉત્તમ છે. બીજું વિશ્વેશ્વર વિભુને વિશ્વવ્યાપ્ત માનીએ છતાં દુઃખી ઉપર દયા કરતાં કે અનાથને આશ્રય આપતાં અટકીએ તો શું? એ પણ આપણી ઓછી સમજણનું પરિણામ નથી, માટે એ સ્વધર્મ સર્વોત્તમ સ્પષ્ટ સહમજવા શ્રવણ–વાંચનની જરૂર છે, અને તે જરૂરીયાત પુરી પાડવા શાસ્ત્રો સંપૂર્ણ છે. અને

તે સત્શાસ્ત્રો સદ્ગુરૂ દ્વારા સાંભળી તે પ્રમાણે વર્તવું તેથી ઉભય લોક સુધારી શકાય છે. "આ એક **પ્રભુ ભક્તિ અને ગુરૂજ્ઞાન**" નામનું લઘુ પુસ્તક પ્રગટ કરવામાં આવ્યું છે તેથી તે અખંડ સુખ પ્રાપ્તક સ્વધર્મ નીસરણીનું સ્મરણરૂપ પગથીયું કોઇપણ ભૂમિ ભૂષણ ભક્તના હૃદયે દ્રઢ ભાવનાને રોપે તો હું મારી કૃતિ સફળા માની અત્યાનંદ અનુભવીશ.

શ્રી તુલસીદાસજીએ કહ્યું છે કે:—

**"જયું બાળક કહે તે તરી બાતા સુનત મુદીત મન પિતુ અરૂ માતા"**

તેમ હું પણ નમૃતાપૂર્વક વિનંતી કરૂં છું કે, બાળભાષા શુધ્ધાશુદ્ધ છતાં જેમ પિતા માતાને પ્રિયકર થાય છે તેમજ મ્હારી કવિતા વિગેરે તેમ જણાય તોપણ વસ્તુ સત્ય અને વળી ભગવદ્ ભજન છે એમ માની હંસરૂપ થઇ સારરૂપ પય ગ્રહણ કરી વારીરૂપ વિકારનો ત્યાગ કરશો એટલે મ્હારો શ્રમ સફળ માની હું અત્યાનંદિત થઇશ. ધનુષ્યમાં સંધાન કરી છોડેલું બાણ ફેંકનારની શક્તિ પ્રમાણે ગતિ કરી અંતે અટકે છે પણ તેને ફેંકવાની દિશાનો અંત આવતો નથી. તદવત્ આ આદ્ય 'આવશ્યકોદ્ગાર' અધિક ન લંબાવતાં અત્રજ અટકવા ઇચ્છું છું.

| | |
|---|---|
| વિક્રમાર્ક | લી૰ |
| સં. ૧૯૮૭. | **ભગવાનલાલ ગૌરીશંકર હરિકીર્તનકાર.** |

**તા. ક.**—આ લઘુ ગ્રંથ છપાવવામાં ઉદાર શ્રીમંત તરફથી આશ્રય મળ્યો છે, અને જે ગ્રહસ્થ પોતાનું નામ બહાર પાડવાને ખુશી નથી તેનું

આ વિષયમાં અતિ ઉમદા સ્તુત્ય અનુકરણ કરવું એ શ્રીમાન વર્ગનાઓનાં કર્તવ્યમાંનું એક ઉત્તમ કર્તવ્ય છે, એમ કહ્યા વિના ચાલતું નથી. સત્કર્મ કરવાની અનેક પ્રણાલિકાઓ છે, પરંતુ માનકિર્તિને આડે કઠેરે ન ચડતાં દ્રવ્યનો સદ્વ્યય કરવામાં આવે ત્યારેજ મળેલી સંપત્તિ શ્રેષ્ઠ ગણાય, અને અન્ય લોકો તેનું અનુકરણ કરે અને તેના પુણ્યના પ્રેરક વિભાગી બને એમ શાસ્ત્ર કહેછે.

શ્રીમદ્‌ભગવદ્‌ગીતામાં કહ્યું છે કેઃ—

**दातव्यमिति यद्दानं दीयतेऽनुपकारिणे ।**
**देशे कालेच पात्रेच तद्दानं सात्विकं स्मृतम् ॥**

અધ્યાય ૧૭, શ્લોક ૨૦.

——— :o: ———

# પ્રકાશકના બે બોલ.

શ્રીયુત્ કિર્તનકાર **ભગવાનલાલ ગૌરીશંકર** કિર્તનવૃંદ વાચસ્પતિ કિર્તનભૂષણ તેઓ શ્રીએ આજકાલ લગભગ પચીસ વર્ષ થયાં ગુજરાત કાઠીયાવાડમાં ફરી હરિકિર્તન તથા સનાતન ધર્મોપદેશ કરી સારી નામના મેળવી છે. તેમનું વતન ધોળા જંકશન પાસે ધનાભગતના ધોળા તરીકે ઓળખાય છે. આ એક નાનકડું ગામ છે તેમાં પોતે ગુજરાતી સાત ચોપડીનો અભ્યાસ કર્યા બાદ સંગીત ઉપર શોખ થવાથી ધોળા જંકશનમાં આવતા જતા ગવૈયાઓ તથા કિર્તનકારોનો મીલાપ કરવા માંડયો, અને ધીરે ધીરે સંગીત તથા ભકતોનાં ચરીત્રો વાંચી સારો અનુભવ મેળવ્યા બાદ સંવત ૧૯૬૦માં પોતે કિર્તનકાર તરીકે નાનાં મોટાં ગામડામાં કિર્તનો કર્યા. જેમજેમ પોતાને કામમાં અનુભવ વધતો ગયો તેમ તેમ કાઠિયાવાડનાં મુખ્ય મોટાં શહેરો ભાવનગર, જુનાગઢ, રાજકોટ, પોરબંદર, વેરાવળ, ( દીવ ધોધલા ), જેતપુર, વઢવાણ વિગેરેમાં ફરી કિર્તનકાર તરીકે સુવર્ણપદક તથા માનપત્ર મેળવ્યાં. ત્યારબાદ ગુજરાતમાં પાંચ વર્ષ સુધી ઉપદેશક તરીકે મુખ્ય શહેરોમાં કામ કર્યું અને ગુજરાતમાં પણ સારૂં માન મેળવી આજકાલ દશ વર્ષ થયાં મુંબઇમાં અવર જવર થવાથી તેમનાં હરિકિર્તન ઉપર જન સમુદાયને સારી ભાવના થઇ. અત્રે શ્રીમાન વર્ગ તથા વિદ્વાન વર્ગ તેમને માનભરી દ્રષ્ટિથી નીહાળેછે. ધર્મ ભાવના તથા ભક્તિ ભાવ તેમનો ઉત્તમ હોવાથી તેમનું કિર્તન સુંદીર રસમય શ્રોતાઓને આનંદ ઉપજાવે છે અને ધર્મ ભાવના દ્રઢ કરાવેછે.

હાલ માધવબાગમાં અધિક અશાડથી હરિકિર્તન ચાલુ છે. શ્રીમાન શેઠ સર જગમોહનદાસ વરજીવનદાસ નાઇટ તેઓશ્રી પોતે કદરદાન હોવાથી

મહારાજશ્રીને કિર્તન કરવા ઉદાર આશ્રય આપ્યો છે તો તેમને પણ ધન્ય-વાદ આપ્યા વિના ચાલશે નહીં. તેઓશ્રીનું દીર્ઘાયુ ઇચ્છું છું. અસ્તુ અત્રે આ પ્રભુ ભક્તિ અને ગુરૂજ્ઞાન નામનું લઘુ પુસ્તક સૌ સુજ્ઞ શ્રોતાઓ તથા સુજ્ઞ બ્હેનો ઘણા હર્ષથી સ્વીકારી લેશો ' અને શ્રીયુત કિર્તનકારની યોગ્ય કદર કરી આનંદ પામશો' એમ હું ઇચ્છું છું. એજ.

પ્રગટ કર્તા:—

**કાળીદાસ પ્રભુરામ જોશી.**



# વંદન.

( કલ્યાણ. )

ગુરૂવર્ય પદ પ્રણમું પ્રથમ, સતત સુખદ સ્નેહ સદન,
કામધેનું કલ્પવૃક્ષ પારસથી પદ વર પ્રતક્ષ;
લક્ષાલક્ષ જ્ઞાન દક્ષ, વક્ષ વિપુલ વિમલ વંદન.—ગુરૂ. ૧

અઘ સંકુલ મોહ મૂલ, ભવનિશ્ચિ ભુલોત્પલ પ્રપુલ્લ;
આપ અમૂલ તરણી તુલ, શરણ ચરણ તરણ તદન.—ગુરૂ ૨

શાન્ત દાન્ત ક્રિયા કાન્ત, અબોધ ધ્વાંન્ત ભગ્ન ભ્રાન્ત,
પરમ પ્રાન્ત કલેશ કલાન્ત, હરણ ભરણ કરણ મદન.—ગુરૂ. ૩

કર્ણધાર પોતપાર કરણ હાર ગુરૂ ઉદ્દાર,
અમૃતોદ્ગારને પ્રસારવા, વિશુદ્ધ વિનયે વંદન—ગુરૂ. ૪

## સાખી

હીમનગ[1] તનયા[2] તનુજને[3] પ્રણમી, બ્રહ્મચારિણી[4] ભજું ભાવે;
'અમૃત' પૂર્ણ થતાં પ્રવૃત્તિ આ, અલ્પ અનૃત[5] નવ આવે.

---

૧ હીમાલય પર્વત. ૨ પુત્રી પાર્વતીનો. ૩ પુત્ર. ૪ સરસ્વતી. ૫ અસત્ય.

॥ ॐ श्री हरिः ॥

## ॥ વિજયતે શ્રી બાલકૃષ્ણ પ્રભુઃ ॥

### પ્રાર્થના.

( રાગ ધનાશ્રી-તાલ લાવણી. )

શ્રી બાલકૃષ્ણ હરિ, જય જય શ્રી બાલકૃષ્ણ હરિ,
બાહ્યાભ્યંતર નિશદીન નીરખું, વિશુદ્ધ વિનયે કરી.—જય જય.
લક્ષા લક્ષ એ જ્ઞાન દક્ષ એ અનંતા નંત ઠરી—જય જય.
પ્રકાશક સ્વયં પ્રકાશક સહુના, સચ્ચિત્ આનંદ ભરી—જય જય.
ભુભાર ઉતારો વિઘ્ન વિદારો, મહી અવતાર ધરી.—જય જય.
વિજ્ઞાનીને વધુ વારજ શી, સંસારાબ્ધિ જાય તરી.—જય જય.
જન્મ મરણ વધઘટ સુખ દુઃખ, એ સહુ શક્તિ તવ ખરી.—જય જય.
યતિ સતિ મતિવાન ભક્તને શરણે લ્યો સંઘરી.—જય જય.
તેહ કૃષ્ણ હરિ નિત્ય જપતાં, ગર્ભ ન આવવું ફરી.—જય જય.
તરવા ભવસિંધુ નાવ દિન બંધુ, શ્રી બાલકૃષ્ણ લ્યો સ્મરી.—જય જય.
રામકૃષ્ણ રહેજો સૌ હૃદયે, અઘહર અમર એ કરી—જય જય.
મરણ પછી જન્મ નહિ થાયે, ભગવાન ભજો ફરી ફરી.—જય જય.

### છંદ.

' શ્રી બાલકૃષ્ણ હરિ ભજતાં ચિત્તથી ભ્રમ જશે દુર નાશી;
નાશી જશે મમતા નિતથી, હિતથી ભજતાં શ્રી અવિનાશી.
પૂર્ણ પુરુષોત્તમ પ્રભુ ભજવા, ઉત્તમ જન્મ માનવ ધર્યો;
જન્મિ કૃતિ કરી જેણે નકામી, તે લક્ષ ચોરાસી ફેરા ફર્યો. "

## ૫૬.

( રાગ કલ્યાણ તાલ ગઝલ )

જુઠી છે આ જાળ જગની, વહાલા જોને તું વિચારી;
સાચી છે શ્રીવરની લગની, વહાલા જોને તું વિચારી.—જુઠી.

વિત્ત વસુધા વાસ છોડી, જાવું સૌને એક કાળે;
તજી દઇને મ્હારૂં ત્હારૂં. નક્કી સમજો વાત મારી.—જુઠી.

સંગે સુત પીતુ માત ભ્રાતુ. અંત કાળે આવે નહિં;
અંતે ન્યારાં સૌ થનારાં, આ કાયા સંગ ન ચાલનારી.—જુઠી.

ભગવાન ચ્હાશે તે ગવાશે, થાશે ચ્હાશે જે હરી તે;
મોહ માયા છોડી દઇને ભજો, સત્ય એક શ્રી મુરારી—જુઠી.



॥ શ્રીગણેશાય નમઃ ॥

# પ્રભુભક્તિ અને ગુરૂજ્ઞાન.

आर्या

सजयति सिंधुरवदनो देवोयत्पाद पंकजस्मरणम् ।
वासरमणीरिव तमसां राशिं नाशयति विघ्ना नाम् ॥

आर्या

कमलासन कमलेक्षण कमलारि किरीट कमलभृद्वाद्यैः ।
नुतपद कमला कमला करधृत कमला करोतु मे कुशलम् ॥

ભાવાર્થઃ—"બ્રહ્મદેવ, વિષ્ણુ, શિવ અને વરૂણ (?) એ જેના પદકમલની સ્તુતિ કરેછે; અને જેના હાથમાં કમળ છે, એવી લક્ષ્મી મારૂં (લખનારનું તેમજ વાંચનારનું) બહુ કલ્યાણ કરો".

श्रवणं कीर्तनं विष्णो स्मरणं पाद सेवनं ।
अर्चनं वंदनं दास्यं साख्यमात्म निवेदनं ॥

આવી રીતે નવધા ભક્તિનો મહિમા કહ્યો છે; તેમાંનો એક પ્રકાર પણ જો થાય તો તે બસ છે. જુઓ રાજા પરિક્ષિત શ્રવણે, શુકદેવજી કીર્તને, પ્રલ્હાદ સ્મરણે, શ્રીપાદ સેવને પ્રથુ અર્ચને, અક્રુર અભિનંદને, હનુમાન દાસ્યે, અર્જુન સખ્યે ને બલી આત્મ નિવેદને પાર પડ્યા-સિદ્ધભક્તિ પામ્યા એમ દ્રષ્ટાન્ત દેવાય છે, એટલે સિદ્ધ ભક્તિ તે જેને ગીતાજીમાં पराभक्ति કહેછે.

## ૫૬.

( રાગ–સોરઠ )

ભક્તિથી કોઇ ન મ્હોટું, હરી વીણુ બીજે નવ મ્હો તું;
સાચે સ્થાને સાચે જ્ઞાને, અનુપતિમાં ચિત્ત પ્રોતું રે.—ભકિત.

માટે આ ભવનિધિ એટલે આ સંસાર સમુદ્ર કહ્યા છે, તે તરવાને ભકિત રૂપી નાવ પ્રાપ્ત કરીએ તોજ પાર ઉતરી શકાય છે. ઉત્તમ મનુષ્ય જન્મ કયારે કહેવાય! આ અસાર સંસાર સમજી પોતાના સ્વધર્મ પરાયણ રહી પ્રભુ ભક્તિ કરવામાં મન જોડીએ તોજ.

અર્જુને કૃષ્ણચંદ્ર ભગવાનને એજ કહ્યું કે 'આ મન બહુ ચંચળ વાયુથી અધિક વેગવાળું શી રીતે વશ થાય' ત્યારે કૃષ્ણચંદ્ર કહેછે:–

**असंशयं . महाबाहो मनोदुर्निग्रहं चलं ।**
**अभ्यासेन नतु कौन्तेय वैराग्येण च ग्रह्यते ॥ ३५ ॥**

અ. ૬–શ્લોક ૩૫

**ભાવાર્થ**—બેશક મનોનિગ્રહ કઠણ છે, મન ચંચળ છે તેથી રોકવામાં કઠણ છે એમાં સંશય નહીં, પણ હે કુન્તી પુત્ર એ મન અભ્યાસ અને વૈરાગ્યથી રોકવામાં આવેછે અને જયાં પકડાયું–વશ થયું કે

**मय्येव मन आधत्स्थ मयी बुद्धि निवेशाय ।**
**निव सिष्यसि मय्येव अत उर्ध्वं न संशयः ॥** અ. ૧૨ શ્લો. ૮.

**ભાવાર્થ**—મારામાંજ મન રાખ ને મારામાં બુધ્ધિને રોક તો બેશક મને પામીશ. એથી ઉંચી ગતિ છે. એમાં શક નથી અને તેથી હું પણ

રાગ–પીલુ ( તાલ દીપચંદી )

ઉરે વશ્યા શ્રી હરિ દ્રઢ ધ્યાઉં, કદા કૃતાર્થ થાઉં એ ચાહું;
ઉદ્યમ અવર મુકી અનુ મંડું, પામી પ્રભુ પુરમાં ન પુરાઉં.—ઉરે.

જેમ ભમરી કીડાને પકડી પોતાના દરમાં પુરી રાખે છે; તે કીડો ભમરીના ભયથી તેનુંજ ધ્યાન કરતો કરતો ભમરી રૂપ થઇ જાય છે, તેમ પ્રાણી બુધ્ધિપૂર્વક સ્નેહથી, દ્વેષભાવથી અથવા ભયથી જે જે વસ્તુમાં પોતાના મનને એકાગ્ર કરેછે તે તે વસ્તુ રૂપ પોતે થઇ જાય છે માટે

## ( દોહરો )

શ્વાસ શ્વાસમેં હરી ભજો, વૃથા શ્વાસ મત ખોય;
કયા જાને ફીર શ્વાસકા, આવન હોય ન હોય.

દરેક મનુષ્યો રાત્રી દિવસ મળી સાઠ ઘડી અર્થાત—ચોવીશ કલાકમાં એકવીશ હજાર છસો પ્રાણાયમ ભરેછે. તે શ્વાસે શ્વાસે પ્રભુભજન કરવા માતુના ઉદરમાં જીવ બંધાય છે; જન્મ થયા બાદ સંસારની હવા લાગતાં માયાની મોહજાળમાં પડી આપેલું વચન વીસરી જાયછે, બધો સમય ગળેછે, વ્યવહાર કાર્યમાં કુશળ રહેવાયછે, પણ શ્રીહરિસ્મરણ બનતું નથી? તેનો વખત મળતો નથી તેમ લોકો કહેછે:—

( બીગરી કોન સુધારે—એ રાગ. )

કયારે કરીએ હરિ સ્મરણ, તે કહેવું છેકજ ખોટું રે–ટેક.
ખવા પીવા વખત મળે છે, અવસર મળે સુવાનોરે;
ઘર ધંધાનો વખત મળે કેમ ન મળે હરિ ભજવાનોરે–કયારે.

નવરાં ગપ્પા થોડાં મારો વખત ઘણો એ મળશે રે;
મોડાં સુઓ વહેલાં ઉઠો, તો નિયમ બરાબર પળશે રે.-કયારે
કાળ તણા કરાળ તાપથી, નિશ્ચે તન કરમાશે રે;
તજી અભિમાન ભજો ભગવાન, તો જન્મ મર્ણ નહીં થાશે રે -કયારે.

પ્રભુ સ્મરણથી જન્મ મરણ મટે, એટલે અહેનિશ સ્મરણ કરવું. તે પણ કાયા વાણી તથા મનથી જે કરવું તે તેનેજ માટે કયાં સુધી દ્રષ્ટવ્ય સાક્ષાતકાર થાય ત્યાંસુધી શ્રવણ, મનન ને નિદિધ્યાસન્ જાણવા માટે જનથી કરવાનાં પણ પામવા માટે સમજવાનાં છે; સાચું સમજવું તે ગણાય કે તે પ્રમાણે વર્તાય એટલે તેના વિના બીજું સાંભળવું, વિચારવું કે મનપર ઠસાવવું પણ નહિં, પછી કરવાની તો વાતજ શી. સૌ બોલેછે તેમ એકજ ઇચ્છા;

त्वमेव माता च पिता त्वमेव त्वमेव बंधु च सखा त्वमेव।
त्वमेव विद्या द्रविणं त्वमेव त्वमेव सर्वम् मम देव देव॥

આવી રીતે પ્રભુ પરાયણ રહેનાર ભક્તિ કરનાર આ સૃષ્ટીમાં અનેક ભકતો થયા છે. જુઓ દાખલા પ્રભુ કેવા દયાળુ છે.

**ભજન**–( રાગ–ખમાય )

તુમ હો દયાળુ પ્રભુ, નહીં કોઉ આન;
દીન મલીન હીનમતિ હું કો, આપ કરત કલ્યાણ.–તુમ હો.
વીપ્ર સુદામા અતિ દુઃખ દામા, દુઃખીયા દિન મહાન;
હરલીનો દુઃખ વાકો છીનમેં, કીનો આપ સમાન—તુમ હો.
છતીયન ઝેર લગાય પૂતનાં, લગી કરાવન પાન;
જનની કી ગતિ વાકો દીની, ધન્ય ધન્ય કૃપા નિધાન.–તુમ હો.

ભીષ્મ ભક્તકી રાખી પ્રતિજ્ઞા, આપ પણ દીયો ભૂલાન;
અર્જુનકી રક્ષાકે કારણ, આપ બને રથવાન.–તુમ હો.
રૂચી રૂચી ખાયો શાક વિદુર ઘર, તજીઓ ધન પકવાન;
ધન્ય ધન્ય મથુરેસેં કૃપાનિધિ, કહાંલો કરૂં મેં બખાન–તુમ હો.

શ્રીમદ્ ભગવદ્‌ગીતામાં શ્રી કૃષ્ણચંદ્ર ભગવાન કહેછે કેઃ–

यं यं वापि स्मरन् भावं त्यजत्यंते कलेवरं।
तं तमे वैति कौन्तेय सदा तद्भाव भावित.॥

**ભાવાર્થ**—હે કુન્તિ પુત્ર સદા મારૂં સ્મરણ કરનાર જીવિતમાં અંતકાળમાં સ્મર્ણ કરતે કરતે દેહને છોડી દેછે, તે મનેજ મળેછે, અથવા જે જે ભાવથી સ્મર્ણ કરતે કરતે દેહ છોડશે, તો તે તે ભાવને પ્રાપ્ત થશે. ૬

## ( દોહરો. )

તુલસીદાસ કહેછેઃ—

" તુલસી મનુષ્ય દેહ ધરી, સમર્યા નહીં જગદીશ;
જનની નાળ વધેરતાં, કાં કાટયો નહીં શીશ. "

**श्रोतव्यो मंतव्यो निदिध्यासि तव्य।**

શ્રવણ, મનન ને નિદિધ્યાસન, પણ તે કેવું લૌકીક દ્રષ્ટાંત.

એક રાજાએ બીજા રાજાને સોનાની ત્રણ પુતળી કદ, ઘાટ, રૂપ, રંગ, અલંકાર, સર્વ પ્રકારે એક સરખું જોતાં જેમાં કાંઈ ફેર ન લાગે એવી તેની કીંમત કરાવવા મોકલી બહારથી જોતાં બધું સરખું હતું. ત્રણેની સરખી કીંમત થાય, પણ તેમાં ખાસ યુક્તિ કરી હતી તે એક ચતુર નરે ખોળી કાઢી, ને તે એ હતી કે,

એકના કાનમાં જળ નાખો કે બીજામાંથી નીકળી જાય, એવાં કાણું બેઉ કાનમાં હતાં, તે તો પુટી બદામની કારણ

આ કાને શ્રવણ થયું ને બીજામાંથી ચાલ્યું ગયું,

બીજીના કાનમાં રેડતાં, મુખમાંથી નીકળી જતું.

તે સાધારણ ગણી કે તે સમજેછે, શ્રવણ સાથે મનન કરેછે, પણ માત્ર કહેતાં આવડેછે; પોતાનામાં ઠેરાવી શકવા સામર્થ્ય નથી.

ત્રીજીના કાનમાં નાખતાં, પેટમાં ઉતરી ગયું. તે ઉત્તમ લેખી, કે તે શ્રવણ થયું તેનું મનન કરી નિદિધ્યાસન કરેછે, ભોગવેછે, તેને કહેલું સાર્થક છે. તે સર્વોત્તમ

માટે હે સુજ્ઞો, આ સર્વોત્તમ પદ પ્રાપ્ત કરવાનો સમય ચાલ્યો જાય છે; ક્ષણભંગુર આ દેહને પડતાં વાર નહીં લાગે, તો એકપળ પણ પ્રભુ ભજન વિના નકામી નહીં કાઢવી. કારણ-

## કવિત.

સગાંની સગાઇ સારા સ્નેહીઓની સહુકાઇ,
શત્રુઓની શત્રુતાઈ, તન સાથે સમશે;
પ્રીયાનો પવિત્ર પ્રેમ, પુત્ર પુત્રીઓનો તેમ,
પીંડમાંથી પ્રાણ પાર પડ્યા કે પ્રણમશે;
અક્કલ અનુભવ કે અતિશય આવડત,
આવે અવસાન અંત, અંદર આથમશે;
હામ દામ ધામ ગામ નામે નકામું તમામ,
જેનુંજ સકામ જેને રામ નામ ગમશે.

પ્રેમથી પણ નહિં, પુત્રના ભાવથી માત્ર અજામેલે "નારાયણ" કહ્યું તેનું કેવું ફળ લહ્યું ? તો સાક્ષાત્ સ્મરણ સદા કરે તો પ્રભુ પોતે કહેછે. અંતકાળે કદાચ તે

**ततस्तंम्रियमाणंतं काष्ट पाषाण सन्निभं।**
**अहं स्मरामि मद्भक्तं नयामि परमांगतिम्॥**

**ભાવાર્થ**—તે મરવા પડેલ કાષ્ટપાષાણ જેવો થઇ ગયો હોય, હું પોતે કોણ કયાં છઉં એ ન જાણે, તે સ્મરણ કયાંથી કરે ? તો પ્રભુ કહેછે:—

"હું મારા ભક્તને સંભારીને પરમ ગતિએ લઈ જાઉંછું." **तेषा महं समुद्धर्ता** એમ ગીતાજીમાં શ્રીમુખથી કહેછે. બીજી જગે **जलंभीत्वा यथा पद्मं नरकादुद्धराम्यहं** જળને ફેડી જેમ કમળ તેમ નરક, સંસારસાગરના કષ્ટથી હું તેનો ઉદ્ધાર કરૂંછું. ભીષ્મપીતામહનું દ્રષ્ટાંત જગતજાહેર છે. પાંચ રત્નમાં "ભીષ્મ સ્તવ" છે. કથા મહાભારતમાં વિસ્તારેછે પ્રભુ પાંડવોનાં મહેલમાં હતા ને ભીષ્મ તો ત્યાંથી કેટલાએ કોસ દુર-ગંગાતટપર પડયા હતા; પણ જે વેળા તેમણે ત્યાં પડે પડે પ્રાણનાથનું સ્મરણ કર્યું કે તુરત શ્રીકૃષ્ણચંદ્ર રથ દોડાવી સમયસર ત્યાં પહોંચ્યા. રથથી ઉતરી પોતે પોતાના સ્વજન સામા પધાર્યા. પ્રીતિથી પરસ્પર પ્રણમ્યા. હર્ષાશ્રુ ઉભરાઈ રહ્યાં એ અવસર સંભારી અમે આંહી ગાયું છે:—

પદ "માથાના મુગટ" એ રાગ.

હરિ ન વિસારે તેને હરિ ન વિસારેરે, હરીને વિપત્તિ પતિ સારા અર્થ સારેરે.

પરમ પ્રભાવ સ્વભાવ શુચિ સુખદ, અનંત ઓળખી એનોરે;
ભજવા શ્રી કૃષ્ણ મન બીજે ન જવા દઇ, સુજ્ઞ સમજે છે એ છે
સારે આ સંસારે રે.–હરિ.

હરી કથામાં હરીથીજ આરંભ ને તેથી હરીનુંજ સ્મરણ થવું જોઇએ તેથી શું લાભ? તે માટેજ પદ ને પ્રસંગ છે. "હરી ( ને ) ન વિસારે તેને હરી ન વિસારે " હરીને ન વિસારવા એટલે તેને સદા સંભારવા તે શી રીતે? "પરમ પ્રભાવ સ્વભાવ સુખદ શુચી" એને જાણી એ જે કૃતિ આકૃતિથી જાણુવામાં આવ્યો હોય તે રૂપ ગુણને ઉરે આણી એમાંથી આપણે માટે ઉચિત હોય તે કહેવાથી સ્મરણ બન્યું રહે એ રીતે

"ભજવા શ્રી કૃષ્ણ મન બીજે ન જવા દઈ,
સુજ્ઞ સમજે છે એ છે સારે આ સંસારે રે."

કેમ? સંસારમાં એજ સાર છે એમ કેમ કહેવાય? પ્રત્યક્ષ અનેક અર્થો છે, તેથી અનેક કામભોગ છે. તે મેળવવા ઘણા શીખવે છે–મેળવેછે. પોતાને કૃતકૃત્ય માનેછે; મ્હોટા ભાગનું વર્તન ધર્મ પણ અર્થ, કામ માટે એવુંજ છે? એ ખરૂં પણ તેનું આદિ અંત વિચારવું જોઇએ—

## મનહર છંદ.

ધન જ્યાં મળે કે ચિત્ત તેમાં ચળે તેજ પળે,
ક્યાં ધરૂં શેમાં વાપરૂં એમ ગોથાં ખાય છે;
પામે પ્રિય પ્યારી કે કરે છે તેની તાબેદારી,
શી રીતે રીઝાવું નારી એમ સદા ન્હાય છે;

પામે પુત્ર પુત્રી તેને લડાવવા કરે જુક્તિ,
પામે માન તેમ અભિમાનમાં તણાય છે;
ધન જાય કાંતો જન જાય કાંતો રોગ થાય,
ન હોય ઉપાય ત્યારે હરી સંભારાય છે.

છતાં મજા એ છે કે "પરમ પ્રભાવ સ્વભાવ સુખદ શુચી" તે કેવો ?

## લાવણી.

સ્વામી મુજ સુધીને સ્હેલો (૨) વશથાએ વ્હેલો ને છેહ દેવામાં છેક છેલો;
પાપી પણ જો સમરે પ્યારે (૨) દોષો તેના અસંખ્ય સાંખી ગુણ હરી
ઉર ધારે.

ઇંદ્રપુત્ર જ્યાં જાનકીજીનો મહાપરાધ કરનાર છતાં, ચરણમાં છેવટ થાકીને પણ આવી પડયો તો પોતે બચાવ્યો ? (રામાયણ)

( રાગ ચાલુ )

દુ:ખી જન જે શરણે જાય ( ૨ )
પોતે કાપે કષ્ટ અભિમુખ ઉતાવળા ધાય.
"ગજ ઓર ગ્રાહ લડત જલ ભીતર, લડત લડત ગજ હાર્યો;"
"છીન ભર સુંઢ રહી જલ બ્હારે, તબ હરી નામ પુકાર્યો—
નાથ કૈસે"

છેવટે કમલ પુષ્પ સુઢમાં લઇ પ્રભુપ્રત્યે ફેંકતા ગજની વહારે વહાલા ધાયા પણ એટલી આરતથી પ્રભુ પધાર્યા–એક કવિ કહેછે. લક્ષ્મીજીએ પૂછયું–કયાં પધારો છો ? ત્યારે (હાથી) અક્ષર માત્ર બેજ.

"હા" કહેતે લક્ષ્મી પ્રતિ "થી" કહેતં ગજરાજ."

એટલી ઝડપથી પ્રભુ ગયા.

જેમ "આગે ગોલી લગત હે. પીછે હોત અવાજ"

ગ્રુડને મારી ગજને બચાવ્યો.

( રાગ ચાલુ )

ન સાધનશ્રમ બહુ એ માગે (૨)
આતુર ઉર સંપૂર્ણ દેખી આવી ઉભે આગે
દ્રૌપદીએ છેક છેલ્લી ઘડીએ સેંકડો ગાઉ હસ્તીનાપુરથી કહ્યું–
'હું પણ મ્હારી નથી રહી ત્યાં, માનત તે શી માનું!
દાન અકિંચન આતુર હૈયું, નથી આપથી છાનું.
કૃષ્ણ ધાઓરે ધાઓ, મુજને વસમી વિપતે ઘેરી;
પ્રગટ થાઓરે થાઓ, આવી વળગ્યો પલ્લે વેરી."

તો પરિણામે "ધાયા ધાયા મ્હારા નાથ ધન્ય દ્વારકાંપતિ;

તુરત જણાયા વિશ્વ તાત, ધન્ય દ્વારકાંપતિ
દૂર સેંકડો ગાઉથી પણ, બૂમ સાંભળી શ્રવણે;
પળમાં આવી ઉભા ઉરમાં, અન્ય કોઈથી ન બણે–

ધાયા ધાયા

( લાવણી ચાલુ )

થાય જે શરણે એકવારે (૨)
તેને પોતે સંગ રહી ભવ ઉદધી થી તારે.

જુઓ દાખલા. સુગ્રીવ શરણે આવ્યો, ધ્રુવ આવ્યા, વિભીષણ આવ્યા,

બલી આવ્યા તેને સદા નિભાવ્યા.

सकृदेव प्रपन्नाय तवास्मीतिच याचते ।
अभयं सर्व भूतेभ्यो ददाम्ये तद्व्रतं मम ॥

ભાવાર્થ—એકવાર પણ તમારે શરણે છું, એમ જે યાચના કરેછે તેને સર્વ ભૂતથી-અથવા સર્વ ભૂત તેમ માગે તેમને અભય દઉં એવું મ્હારૂં વૃત છે, તે પછી કદી તોડયું નથી તે તોડશે પણ નહીં છેવટ.

( રાગ-ચાલુ )

અનુ સૌથી મ્હોટો જે છે (૨) ભક્તિ વશ તે ભકતો વાંસે નિશદિન ભટકે છે.
ને તેથી સિધ્ધ ઠરે છે તે એજ કેઃ—

હરી ન વિસારે તેને હરી ન વિસારે રે;
હરીને વિપત્તિ પતિ સારા અર્થ સારે રે.

પદ રાગ ( કયાંથી આ સંભળાય. )

૨૮ મન ગીરીધારીરે, અરે મન ભજ તું ગીરીધારી;
ગીરીધારી ગીરીધારી ભજતાં, ગતિ થાય સારી—અરે૦
ગોવિંદ ગુણ ગાયા નહીં જેણે, મનુષ્ય દેહ ધારી;
એળે ગયો અવતાર એનો ભાઈ, જનુની ભારે મારી.—અરે૦
નામ નાવમાં બેસવાની તું તુરત કર તૈયારી;
ભવનિધિમાં ભટકતાં અંતે નીકળવા આ બારી—અરે.
સ્વાર્થમય સંસાર છે આ, તેમાં મતિ ભમી તારી;
ભગવાન ભજવા વચન આપ્યું, તે લે તું સુધારી—અરે૦

કારણઃ—આ ખલકનો ખેલ ખોટો છે, દેહ પાણીનો પરપોટો છે. સ્વાર્થી સગાં પૈસાના પ્યારમાં રમેછે તેને માટે કવિ કહેછેઃ-

## કવિત.

પૈસા બીન બાપ કહે, પુત તો કપુત મેરો,
પૈસા બીન ભાઇ કહે, બરો દુખદાઇ હે;
પૈસા બીન કાકા કહે, કોનકા ભતીજા હે તું;
પૈસા બીન બ્હેન કહે, કીસીકા તું ભાઇ હે;
પૈસા બીન જોરૂ સંગ, છોડકર ચલી જાય,
પૈસા બીન સાસ કહે, કીસીકા જમાઇ હે,
પૈસા બીન પડોશી કહે, બડા ગમાર હે તું,
આ જ કે જ ગાને મેં, પૈસેકી બડાઈ હે.

અને હાલ લોકો જેને દેખીતી અનુકુળતા હોય છે, તે તેમાંજ લીન રહેછે

## કવિત.

કોઇ મસ્ત રહે દેખી, ધનના ભંડાર ભર્યાં,
કોઈ ગસ્ત રહે શેખી, ધરી ધરા ધામની;
કોઇ મસ્ત રહે વિદ્યા, બુદ્ધિ બહુ મેળવ્યાથી;
કોઇ મસ્ત રહે લહી, કીર્તિ વધી નામની;
કોઇ મસ્ત રહે દાસી, દાસ પ્રજાના પુજ્યાથી;
કોઇ મસ્ત રહે પામી, પુત્ર પુત્રી ભામની;
પણ કાળ ગ્રસ્ત કરે ત્યાં અનંત એ મસ્તી સમસ્ત,
બની જાય અસ્તુ વસ્તુ એકે નહિં કામની

**सत्यं माता पिता ज्ञानं धर्मो भ्राता दया सखा ।**
**शान्तिः पत्नी क्षमा पुत्रः षडेते मम बांधवाः ॥**

**ભાવાર્થ**-કોઇ એક મહાત્મા પુરુષને એક સંસારી મનુષ્યે પુછયું કે તમારે માતા, પિતા, ભાઇ, મિત્ર, સ્ત્રી અને પુત્ર છે કે નહીં? ત્યારે મહાત્મા પુરુષે કહ્યું કે સત્ય મારી માતા છે, અર્થાત તેનું સેવન હું માતાની પેઠે કરૂંછું. જ્ઞાન મારો પીતા છે, ધર્મ મારો ભાઇ છે, દયા મારો મિત્ર છે, શાન્તિ મારી સ્ત્રી છે, અને ક્ષમા મારો પુત્ર છે. તાત્પર્ય કે આ છ મારાં કુટુંબી છે, કેમકે સાંસારિક જેટલાં સંબંધિઓ પરિણામે દુઃખનાં હેતુ, અને ક્ષણભંગુર છે, પરંતુ ઉપર ગણાવેલાં સંબંધિઓ પરિણામે પરમાનંદનાં હેતુ અને મોક્ષદાતા છે (આમ કહી મહાત્મા પુરુષે અજ્ઞ મનુષ્યોને બોધ આપેલો છે)

રાગ **આશા** તાલ દીપચંદી)

બ્રહ્મ વિદ્યાના ભોગી, જે જન બ્રહ્મ વિદ્યાના ભોગી;
સંસાર સાગર તરવા સહેજે, બન્યા સદાના યોગી—જે જન.
અખિલ બ્રહ્માંડ બ્રહ્મમય દેખે, રાગ દ્વેશના વિયોગી.—જે જન.
જ્ઞાનીના જ્ઞેય ધ્યાનીના ધ્યેય, ઉજ્વલ બને ઉદ્યોગી.—જે જન.
ભાવ ધરી ભગવાન ભજ્યાથી, થશે જન્મ મરણ નિરોગી—જે જન.

તે ખરૂં તપાસી જોતાં

**अनित्यानि शरीराणि विभवो नैव शाश्वतः ।**
**नित्यं सन्निहितो मृत्युः कर्तव्यो धर्म संग्रहः ॥**

**ભાવાર્થ**—શરીર ક્ષણભંગુર છે, સાંસારિક સુખ કાંઈ નિત્ય એટલે નિરંતર રહેતું નથી, અને મૃત્યુ તો સદા સર્વદા પાસેજ રહે છે, માટે સુજ્ઞ પુરુષે ધર્મનો સંગ્રહ કરવો.

કારણ કે चला लक्ष्मीश्चलाः प्राणाश्चले जीवित मंदिरे।
चला चले च संसारे धर्म एकोहि निश्चलः॥

ભાવાર્થ—લક્ષ્મી નાશવંત છે, એટલે ચલિત છે, અને પ્રાણ પણ નાશવંત છે, અને જીવિત પણ નાશવંત છે, અને ઘર પણ નાશવંત છે, માટે નિશ્ચય છે કે આ ચરાચર જગતમાં કોઇ પદાર્થ સ્થિર નથી; માત્ર એક ધર્મજ સ્થિર વસ્તુ છે તેથી સર્વ પદાર્થમાંથી તૃષ્ણા છોડી ધર્મ સંપાદન કરવા તન, મન, ધનથી પ્રયાસ કરવો.

## કવિત.

ધનનો ન ધાર મદ, તન રોગે બધું રદ,
લક્ષ્મીની ગતિ જલદ, જગમાં પ્રસિદ્ધ છે;
તનનું શું અભિમાન, સૂતાં કેટલાં શ્મશાન,
આધિ વ્યાધિ ઉપાધી શીરે ઝુમેલી નિત્ય છે;
જનનો ભરૂસો ખોટો, સ્વાર્થ વિશ્વમાંહે મ્હોટો,
પુત્ર અહી તોટો વાળે ગોટો શું વિચિત્ર છે?
પાણી પર પોટો તેવો, ખેલજ એવો છે ખોટો,
કાળ ઘેરો દે ત્યાં છોટો મોટો સૌ સરીખ છે.

હાલ પણ બધાનું બધું સવળું કયાં સુધી રહે છે? હરી સ્મર્યા વિના છુટકોજ નથી પરંતુ દરેક બાબતમાં, ગુરૂ વિના જ્ઞાન થતું નથી.

## મનહર છંદ.

પેટ ભરવાને દેશમાં કે પરદેશ ભમે,
ધન દાતા ધની ગમે ત્યાં તે પળી ટકે છે;

તેમ વિદ્યા શીખવાને દેશ કે વિદેશ જાય.
રહે ત્યાં તે સહે કષ્ટ જેથી ભણી શકે છે.
તન રોગ જવા ખોળે વૈદ્યો જુજવા,
દવા કરાવવા ગામોગામ એ ભટકે છે,
સદૈવ મટવા દુઃખી સદા સારૂં થવા સુખી,
ગુરુને શોધતાં અનુજને કાં અટકે છે.

તો બીજાની શી વાત કરીએ, શ્રી હરિ પોતે શ્રી કૃષ્ણાવતારમાં મથુરાંના વિજયી થયા ને દ્વારકામાં રહેવા ગયા છતાં છેકજ "અવંતી" માં સાંદીપન ગુરુને ઘેર જઈ ભણ્યા. ઉગ્રસેનને રાજ્ય અપાવ્યા છતાં ગુરુને ઘેર

"ભોગ ને મદનો ત્યાગ કરીને સેવા ને વિશ્વાસ ધરે."

તે કેવી સેવા કરી ? એ વાત શ્રી હરિએ પોતાના સહાધ્યાયી સુદામા પાસે જૂની વાતો કરી ત્યારે બહાર આવી.

રાગ-**બીહાગ** ( તાલ ગજલ. )

ભણુતા હતા રુષી ભૂવન, તમે હું અને બળદેવા;
કરતા હતા દિનરાત, ગુરુના પ્રીતિથી સેવા.—**ટેક.**
એક વખત ગુરુ પત્નીએ, ઇંધણાં લેવા માટ;
ત્રણેને મોકલ્યા વન વિષે, પછી થયો શો ઠાઠ.—**ભણુતા**
પેઠા વન મહા માંહે, ત્યાં આંધી ચઢી આવી;
ઉપડયું વાદળ વૃંદ, મેઘે જડીયો ઝુકાવી.—**ભણુતા**
અંધકાર વ્યાયો બધે, ભીંજાયાં મસ અંગ;
ભૂલા પડ્યા પછીથી છેકજ, વનમાં આપણે સંગ—**ભણુતા.**

ત્યારે ગુરુ દયાળુ વાંસે શોધતા આવ્યા ને અંતઃકરણથી આશિષ દીધી, જેમાં શ્રી કૃષ્ણ રાજાને સુદામા પરમ સાત્વિક નિવડ્યા, બેઉ બોલ્યા:—

"ધન્ય ધન્ય સદ્‌ગુરુના ચરણનું શરણ."

**गुशब्दोह्यंधकारे स्यात् रु शब्दस्त निरोधकः।**
**अंधकार निरोधत्वात् गुरु रित्यभिधीयते॥**

**ભાવાર્થ:**—ગુ એટલે અંધકારને રુ તેના નિવારક, અંધકારને ટાળવાથી ગુરુ કહેવાય છે. તે એવા અંધકારને ટાળે કે જેથી સત્ દેખાય. સતનાજ એ રીતે પ્રતિનિધી તે લેખાય ને તેથી સતને ભેટાય એટલે અસતનો સંબંધ સર્વદા જાય; જન્મ મરણનું કારણ એ રીતે મટે એટલે સદા સત મળે, પણ તેમાં બે ત્યાગને બે ઉપાદેય એટલે

'ભોગ ને મદનો ત્યાગ અને સેવા ને વિશ્વાસનો સ્વીકાર.'

તે કયાં સુધી? પ્રભુને ભેટાડે ત્યાંસુધી, ભોમીયાનો ખપ ગામમાં આવતાં સુધી, નાવનો ખપ નદી તરી તીર પામતાં સુધી, તેમ સદા ખપ છે પણ પોતે તરે ને બીજાને તારે, જગત્ અંધકાર, અજ્ઞાનથી રજ તમથી તેવા

"ધન્ય ધ ય સદ્‌ગુરુના ચરણનું શરણ."

ગુરુની અગત્ય મનુષ્ય માત્રને છે, પોતાની મેળે તેને ગ્રાહ્યાગ્રાહ્યનો બોધ નથી. બાળક પ્રથમ જે દેખે તે પકડે ને મુખમાં નાંખે ત્હેમાં વિપરીત અનુભવ થાય પણ તેમાં જ્ઞાન મેળવવું જોઇએ. જો બરાબર ધ્યાન ન રાખે તો તો તે મોટું જન થાય તેથી તેનાં શીખવનારાં, ત્હેનાં પ્રથમ ગુરુ માતા, પિતા પાળક સંગી છે જરા મોટા

બાળક ને પછી શાળાના શિક્ષક, ગુરુ પછી વ્યાપાર ઉદ્યમના ઉપરી, પણ તે બધાથી વધુ "શાસ્ત્ર" છે. તેમાં જે શાસ્ત્રોમાં ગ્રાહ્યાગ્રાહ્યનો છેવટનો નિર્ણય કર્યો છે તેનું નામ શબ્દ પ્રમાણ તે નિત્ય આદિ ગુરુ છે. પણ તે શબ્દરૂપ હોવાથી કોઇના પણ મુખદ્વારાજ મળે માટે તે શાસ્ત્ર કહેનારા તેની સમજ દેનારા તો ગુરુ તેમાં પણ તે શાસ્ત્ર જે નિત્ય છે. જેમાં ખરા છેવટના ગ્રાહ્યાગ્રાહ્યનો વિચાર છે; એટલે સતનો સ્વિકાર ને અસતનો તિરસ્કાર તેના દેનારા તે ખરા ગુરુ તે પણ પોતાની મતિથી નહીં પણ પરમેશ્વર શાસ્ત્ર દેનારેજ તેના અર્થ સમજાવ્યા હોય તે પ્રમાણેજ સમજી બોધ દેનાર, ત્હેનાથી ક્રમે અમને તેજ પ્રમાણે બોધ દેનાર ને તે ગુરુ પરંપરા ગત સંપ્રદાયના આચાર્ય કહીએ છીએ જેના મૂળ આદિ વેદ પ્રદાતા શ્રી નારાયણ હોય તેજ ખરો બોધ ખરે રસ્તે આવેલ, અને તે પાછો ઉત્તરોત્તર પ્રભુથીજ બોધ દેવાનો અને દીલાસો અભય દેવાનો, તારવાનો જુમ્મો પ્રભુને નામે માથે લેવાનો, ત્હેના શાસ્ત્ર પ્રમાણે સવિધિ અધિકાર પામ્યા હોય તેજ પુરા ખરા આચાર્ય જે "યથા નામા તથા ગુણા" એટલે—

आचिनोतिहि शास्त्रार्थान् आचारं स्थापयत्यपि ।
स्वयमाचरते यस्मा त्तस्मादाचार्य नामवान् ॥

ભાવાર્થ—શાસ્ત્રના અર્થને વિચારે, ગળે ઉતારે, પોતે તેમાં જપને સ્થાપે, બલકે તે આચરી બતાવે, પોતે તેમજ વર્તે, આચરણ કરે માટે આચારી એવા "ધન્ય ધન્ય સદ્ગુરુના ચરણ".

બીજાં શાસ્ત્ર માત્ર ગુરુ વિના આવડેજ નહીં. આવડે તો યથાર્થ નહીં. જાતે ખોળવું અને ખોળેળાનો લાભ લેવો. આંબો, રાયેણ, બાજરી, કેળ, વાવી જોઈએ તે કેમ ઉગે છે, તેને કેટલાં ફળ આવેછે, એ સમજવું. તેનો શું ઉપયોગ કરવો, એ પાછું અનુભવે સમજવું. તેમાં શું વિઘ્નો ? શું સહાયક ? એ બધું અનુભવથી પ્રયોગો કરતાં જઇ જાણવું ને તે વિષેના સર્વજ્ઞના જ્ઞાનનો સદ્ય લાભ લેવો.

"સબ ગ્રંથનકા જ્ઞાન સો પલમેં દેત દિખાય"

એ બેમાં કેટલો તફાવત ? બલકે તે જો સમર્થ હોય તો તેના બળની પણ સ્હાય, તે વળી જુદી, પગે ચાલી કાશી જવું અને રાજા સાથે સ્પેશીયલમાં જવું, માત્ર તેના થવું એ બેમાં કેટલો તફાવત ? એ સહુ સમજેછે ને તેથીજ પોતાથી ગુરુ ભારે મ્હોટા વધુ હોય ત્હેમની વધુતાનો લાભ લે, તો તે સુખે અનુભવે ને કહે કે ધન્ય ધન્ય.

બીજા જ્ઞાન કરતાં પણ શબ્દ જ્ઞાનમાં તો ગુરુ વિના ચાલે તેમજ નથી. પોતાની ભાષાથીજ બાળની ભાષા, મનુષ્યની ભાષા, "માતૃભાષા" કહેવાય છે તે શિખ્યા પછીજ બીજી ભાષા શબ્દ માત્રનું જ્ઞાન થાય છે. તેમ લાભ ન મળે તો પશુ જેવુંજ મનુષ્ય રહે, કેમકે સ્વભાવસિદ્ધ મનુષ્યોની કોઇ ભાષાજ નથી. જેમાં રહે તેમની તે ગ્રહે છે, એમ શબ્દ જ્ઞાનથીજ શાસ્રજ્ઞાન, એજ રીતે, આચાર માટે પણ

એટલે શ્રુતિ "**मात्रदेवो भव**" પછી "**पित्रदेवो भव**"કહેછે, ત્યાંજ "**आचार्यदेवो भव**" બલકે સર્વેશ્વર માટે તો અનુમાન કે પ્રત્યક્ષ

પ્રમાણુ તો છેજ નહીં. એટલે શબ્દ શાસ્ત્ર માટે તો "ગુરૂ વિના જ્ઞાન નથીજ" એ વાત સિધ્ધ શ્રુતિજ કહેછે, "आचार्यवान् पुरुषो वेद" તે જેમ ઉત્તમ આચાર્ય–સમજાવે–આચરે તેમ શિષ્ય વહેલો તૈયાર થાય, બાળવિદ્યાર્થીજ મહાન પંડિત થાય. દરેક વિદ્યા તો તેણે કરી બતાવ્યા વિના, શિષ્ટોના આચાર જોયા વિના ઉપયોગ કરતાં આવડેજ નહીં. કહી બતાવ્યું કામ નજ લાગે, કરી બતાવવું જોઇએ. એટલે ગુરુ સાથે આચાર્ય પાસે વસવુંજ જોઈએ. તે જેવું તેના અનુકુળ થઇને રહીએ ને અર્થ ગ્રહણુ કરાય તેવું બીજી રીતે ન કરાય. ભોગ ને વિદ્યાનો યોગ સાથે સારો બને નહીં. પ્રથમ બ્રહ્મચારી અવસ્થાજ ગુરુ-કુળવાસ માટે બધા દેશમાં બધી વિદ્યામાં પ્રશસ્ત છે. કુંવારા બોર્ડીંગોમાં રહીનેજ સારૂં ભણે, એટલે બે કામ સાથે સારાં ન બને તેથી ભોગનો સંકોચ તો પ્રથમ. તેમજ મદનો ત્યાગ, ગુરુથી શિષ્ય હલકો બુદ્ધિમાં, આચારમાં, વિચારમાં, છે તેમજ વર્તનમાં રહે એટલે ધન, કુળ, ઐશ્વર્ય સત્તા મદ ન કામ લાગે. બલકે જેવા સેવાથી ગુરુ પ્રસન્ન થાય ને પ્રસન્ન ચિત્તે જે અર્થ આપે, જે શીખવવા કાળજી રાખે તે ઓર છે, તે ગુરુ એટલે અમારાથી વધુજ માટે, અમારી બુદ્ધિમાં ઝટ ન ઉતરે તો તકરાર નહીં કરવી. વિશ્વાસે જોઇએ, તો પરિણામે બેડો પાર છે, બસ એજ અધિકાર ને એજ સારનું પદ છે, જેમાં છેવટ આ હદ છે કે? "ધન્ય ધન્ય સદ્ગુરુ"

सत्संगात् भव निस्पृहो गुरुमुखात् श्री शंप्रपद्यात्मवान् ॥

એમ શરુઆત "સત્સંગથી" ભવમાં નિસ્પૃહતા તે પરમાત્મામાં સ્પૃહા થાય" એટલે શું ઉપાય કરવો ઠીક એ માટે "ગુરુ બોલે"

તે યોગ મળે ઉપાય બતાવે ત્યારે ' આત્મજ્ઞાન" થાય સ્વ. પર. ઉપાય ફળ ને વિરોધી એ અર્થ પંચકનો બોધ થાય, જે પાંચે વાત અગત્યની છે. અમે કોણ? પરમેશ્વર કોણ? ઉપાય શું કરવો? તેથીં કયું ફળ મેળવવું? એ મેળવવામાં કયાં વિરોધી છે? જેની સંભાળ એજ અધ્યાત્મ વિદ્યા, આત્મ વિદ્યા, બ્રહ્મ વિદ્યા, પણ તેની ઇચ્છા " સંસારોકા સંગ બુરા હૈ, વોહી બસે ચોપાસ."

" ભૂલે આપ ભૂલાવે મોએકો દુઃખ યેહી બારૂં માસ,
જગતમેં રહા એકલા દાસ, મીલે નહીં શ્રીનિવાસ."

એમ છે તે સારૂં આરંભમાં કુસંગમાં તો છઇએ, પ્રકૃતિ વશ તો છઇએજ, તેમાંથી લાગ લઇ નદીમાં વહેતાં વહેતાં પણ કાંઠા તરફ હાથ મારે જવા એટલે સત્પુરુષની પાસે સત્સંબંધી બોધ મેળવવો શરુ કરવો

" સંત ઉદાર ઉદાર ભરલે અખુટ ભંડાર" તેનો તમે જેમ લાભ લ્યો, ગ્રહો, આચરો, તેમજ પ્રસન્ન થવાના " પરમારથકે કારણે તીનો ધારી દેહ" કારણ ત્હેમનું કર્તવ્ય તેમના સ્વામીની પ્રસન્નતામાં છે (એટલે તેમનોજ ખરો લાભ વેપારીને ગ્રાહક મળે ને તે માલ ખરીદે તેમાં) તેમાં પણ આતો ખરીદી પાછી ખેતી કરી, અનેકગણું ઉપજાવે તો આપનારને પણ હીસ્સો દઇ ન્યાલ કરે. લૌકિકમાં દ્રોણ ગુરુએ અર્જુનને ભણાવ્યા, તો અર્ધ વિરાટના પતિ થયા, ગુરુથી ચેલા આગળ વધી ગુરુને તારે, માબાપથી પુત્રો, આગળ વધી માબાપને નિહાલ કરે, એમ પણ દાખલા બને છે, ને ભગવાન કૃષ્ણચંદ્રતો ગીતાજીમાં સ્પષ્ટ કહેછે–

"नच तस्मान्मनुष्येषु कश्चिनो प्रिय कृत्तमः ॥"

આહી વચનથી જે આ પાત્રમાં દાન કરે તેથી વધુ મને પ્રિય કામ છેજ નહીં. કારણ કોઇનું કષ્ટ ટાળવું, વા સુખ આપવું તે પુણ્ય છે, તો આતો सा विद्याया विमुक्तये સદાનું દુઃખ જાય, ને સદાનું સંપૂર્ણ સુખ થાય તેવા કામમાં સ્હાયી થવાનું છે. તે પુણ્ય કેટલું ? માટે ધન્ય ધન્ય સદગુરુના ચરણનું શરણ.

## ૫૬.

(રાગ ગોકળીયું નાનું ગામડીયું શા માટે આવો શ્યામ)

ભજ સીતા રામ રામ, ભજ મન સીતા રામ રામ;
સીતા રામ રામ ભજ મન, સીતા રામ રામ. ટેક
અખીલ બ્રહ્માંડાધિશ, અલખ પ્રભુ રે,
વ્યાપી રહ્યાછે સૌ ઠામ ઠામ—ભજ મન.
સ્વયં પ્રકાશ પ્રકાશક સહુના, ગતાગતિના વિશ્રામ-ભજ મન.
વિઘ્ન વિદારી ભૂભાર ઉતારો, અનન્ત સચ્ચિત આનંદ નામ—ભજ મન.
સ્વપ્નાસમા સંસારાબ્ધિથી તારી દ્યોનિજ ધામ—ભજ મન.
ભજ ભગવાન ભાવે, અઘહર અમર ઓળખ ત્રિવિધ તાપ જેથી જાવે,
આત્મારામ-ભજ મન.

પણ સદગુરુના ચરણનું શરણ પહેલું ગ્રહણ કરવું જોઇએ. ગુરુ શું કહે છે, તે માટે લૌકિક દ્રષ્ટાંત જુઓ.

## મનહર છંદ.

ચઢવાને સીડી હોય તો સુખે કરી ચઢાય,
સીડી વિણ ચઢે તો પડે કે પટકાય છે;

તરવાને નાવ હોય તો સુખે કરી તરાય,
હાથે તરે, ડુબે ગોથાં ખાય કે ખવાય છે;
ગાડીએ બેસાડી પહોંચાડી દે ગામ ધની મિત્ર,
પગે જતાં થાકે આખે પંખે દુઃખી થાય છે;
રહાય ગુરૂ ગામ તેની ઓથે અનુ તરી જાય;
જાતે વય જાતે પણ પત્તો ન પમાય છે.

## મનહર છંદ.

પુષ્પને વસીલે કીટ ચઢી બેસે ભૂપ શીશ,
નર્મદાના કંકર તે શંકર ભણાય છે;
ખાળનું પાણીએ ગંગમાં મળ્યાથી ગંગ હરે,
પારસ સ્પર્શે લોઢું સોનું બની જાય છે;
રાજાને વશીલે ગોલા મહેલો માંહે મોજ માણે,
શેરડી વાંસે એરંડાથી પાણી પિવાય છે;
તેમ ગુરુને વશીલે સીતાપતિ તણાં સુખો અનુ,
એ રીતે મળે છે તેમાં શક ન જણાય છે.

વધારે ઠીક શ્રુતિના શબ્દોમાં કહીએ

"परिक्ष्य लोकान् कर्मचितान् ब्राह्मणो निर्वेद मायान्नास्त्य कृत: कृतेन"

ભાવાર્થ—કર્મોથી સંપાદન થતાં લોકોની પરીક્ષા કરીને બ્રાહ્મણ વૈરાગ્ય પામે, કારણ કૃત્તે કરી અકૃત ન મળે

"બ્રાહ્મણને બીજો ગુરુ કરવાની જરૂર નથી, ગાયત્રી મંત્રોપદેશ થયો એટલે બસ છે."

એમ કહેછે તે ઠીક છે, જો માત્ર બ્રાહ્મણ કર્મને યોગ્ય થવું હોય તો વેદ પઠન માટે અધિકાર યજ્ઞોપવિત સંસ્કારથી પ્રાપ્ત થયો એટલે તે વેદ ભણે ને બ્રાહ્મણ બને પછી શું ? ગૃહસ્થ, પછી વાનપ્રસ્થ, અથવા સંનસ્ત લેવા જો મરજી હોય એટલે તે હોવીજ જોઇએ કારણ ચાર વર્ણ ચાર આશ્રમના ધર્મ આવશ્યક છે, તો જ્યારે તે ગૃહસ્થાશ્રમ પાળી ચુકે ત્યારે "લક્કડ કે લડુ" જેવા સંસારને સમજેછે કે જેમાં દુઃખ વધુ અને સુખ ઓછું છે; બલકે યજ્ઞાદિક, જપાદિક, દાન હોમાદિક પણ કરી સમજે કે તે બધાં પરિમિત કર્મ છે. એક બે, વા પાંચ પચીશ દિવસ, માસ, વર્ષનો ને તેનું ફળ પાંચ, પચીશ કે શત સહસ્રગણું હોય તોપણ પરિમિતજ, એટલે ખરચી ખુટે પાછા જેવાના તેવાજ રહેવાનાજ; માત્ર કર્મથી કરીને અનંત સ્થિર ફળની પ્રાપ્તી નથી; ખરૂં પુરું ફળ તો તેજ ગણાય કે, મનુષ્ય દેહમાં પરમ પુરુષાર્થ સંપાદન કરવો; બીજા લોકો છેક બ્રહ્માના સત્ય લોક પર્યંત, પણ છેવટ પૂનરાવર્તિવાળા **क्षीणे पुण्ये मृर्त्यलोकं विशंति.**

**સાખી**—"કાદવમાં ડુબેલાથી, કેમ બને અંગ ધોવું;
રાગ દ્વેષથી રંગજ નહીં પણ સંગ પડે કહોવું.

**ટુંકામાં**— અંડ પીંડની એકજ રીતી, વધુ શું વગોવવું;
અંત નાશવંતમાં, ખંતશું જાગવું ને સોવું."

**"पुनरपि जननं पुनरपि मरणं पुनरपि जननी जठरे शयनं ।"**

એવા સંસાર સાગરમાં **દેહ** નાવને **ગુરુ કર્ણધાર** મેળવી લે તો બેડા પાર, તે સાથે એમ પણ પાર પહોંચી જઈએ પણ ક્યારે ?

જ્યારે તે માટેજ તૈયાર થઇએ લોકોની પરીક્ષા કરીને તેમાં વૈરાગ્ય ઉપજે તે માત્ર કર્મોથી ને અનંત ફળ નહીં મળે એવો નિશ્ચય થાય ત્યારેજ એ અપૂર્વ અંગ છે તે માટે જેમ ઉપર પ્રકૃતિ ને સ્વભાવ કહ્યા તેમ અહીં તે માટેના ઉપાય જે કૃત કર્મ અનેક પ્રકારનાં કહેવાય છે તે કરનારાઓનાં દ્રષ્ટાંતપૂર્વક વિચાર કરીએ તો એજ ઠરશે કે એ એકે સુખના સાચા માર્ગ નથી.

ગરબી–"કામણ દીસે છે" એ રાગ

સુખનો સાચો માર્ગ સમજી ગયો છું કયારથી રે, શાસ્ત્રાધારથી રે–
જન મંડળ મતલબીચું જાણ્યું, ભાર્યા ભૈરવી ભક્ષ તું માન્યું;
આણ્યું ઉર દેવ દેવીથી, ખુદ સ્વારથી રે—સુખનો.

તેમનો સ્વભાવ–પ્રભાવ–બધું કર્મ ઉપર તે પરિમિત, એટલે પરિણામે, "અમે, તમે તેમ તમામ તેવા" સાૈને આપવું ભારે પડે; કારણ ઓછું થાય બલકે એ તો કર્મનો કિસ્સો "મારે તેની તરવાર" તેમાં અસુર મંડે તો દેવથી પણ આગળ પડે ને તેમનેજ નડેછે; એટલે પ્રકૃતિ મંડળમાં રહેવાથી તો તેઓ પણ રોય છે, અને પોતાનાં પદે પણ ઘણી વાર ખોયછે. જુઓ

( રાગ ઉપરનો. )

હીરણ્યથી સંતાયા ઝુરી, રાવણ આગળ કરી મજુરી–હર્યું શું
નરશું દુઃખ નવ જાય, દેવ અવતારથી રે—સુખનો.
મુચકુંદને મટયું નહીં મરણે, આવ્યા શરણે ઘંટા કારણે;
મુક્તિ મેળવી માત્ર હરી, સાકારથી રે—સુખનો.
અનુ જાણ્યું માન્યું તે માટે, ઉપાય લઉં સદ્‌ગુરૂ પદ વાટે;
એ પણ આદર્યું છે, એના આધારથી રે—સુખનો.

એટલે બાબત બાબતના ગુરુ જુદા; તેમ આ વિષયમાં પણ જૂદા તે જેમ ગાયનના ગવૈયા ને ઔષધના ધન્વન્તરી જેવા વૈદ્યરાજ તે તે વિદ્યામાં કુશળ, તેમ આ સંસારથી છુટવાને અને ખરું સુખ લુંટવાને તે માટેની યોગ્યતાવાળા ગુરુ કરવા જોઇએ; એટલે તેને પોતાથી વડા–વિશેષ સમજવા ને તે સારુ તેમની પાસે પગે ચાલીને જવું. "ભોગ ને મદનો ત્યાગ કરીને" સાષ્ટાંગ દંડવત્ પ્રણામ કરી, પછી પોતાનું ઇષ્ટ સિધ્ધ થાય ત્યાંસુધી કરવું જોઇએ.

"સેવા ને વિશ્વાસ ધરવો"

यथाखात्वा खनित्रेण भूतले वारि विन्दति ।
तथा गुरु गतां विद्यां शुश्रुषुर धि गच्छति ॥

ભાવાર્થ:—"જે મનુષ્યો ખોદવાના હથીયારોથી પૃથ્વી ખોદીને તેમાંથી જળ મેળવેછે તેમ ગુરુ પાસેથી રહેલી વિદ્યા સેવા કરનાર શિષ્ય હોય તેજ મેળવેછે."

तस्मै सविद्यानुपसन्नाय सम्यक् प्रशांत चित्ताय शमान्विताय ।
येनाक्षरं पुरुषं वेद सत्यं प्रोवाचतां तत्वतो ब्रह्म विद्याम् ॥

ભાવાર્થ:—"તે શિષ્ય ને વિદ્વાન ગુરુ, જે શિષ્ય સારી રીતે શરણ આવેલ બાહ્ય અંતર ઇંદ્રિયો વશ કરી જાણનાર હોય છે, તેને તત્વે કરીને તે બ્રહ્મ વિદ્યા, સારી રીતે કહેછે; જે વડે તે સત્ય અક્ષર પુરુષને પામેછે."

गुरवो बहवः संति शिष्य वित्ता पहारकाः ।
गुरवो विरला संति शिष्य चित्तापहारकाः ॥

ભાવાર્થઃ—" શિષ્યનું વીત્ત એટલે ધન લેવાવાળા ગુરુઓ જગતમાં ઘણા છે; પરંતુ શિષ્યનું ચિત્ત હરી તેનું કલ્યાણ કરનારા ગુરુ વિરલાજ હોય છે ?" માટે સત્યાસત્યનો નિર્ણય કરતાં પ્રથમ શિખવું જોઇએ, બાદ તિવ્ર ઇચ્છા પ્રગટી તો એવા સાચા સદ્ગુરૂ પણ પ્રાપ્ત થઈ જાયછે; કારણ કે " बहु रत्नानी वसुंधरा "

धर्मार्थं काम मोक्षेषु यस्यैकोऽपिन विद्यते ।
जन्मजन्मनि मर्त्येषु मरणं तस्य केवलम् ॥

ભાવાર્થઃ—ધર્મ, અર્થ, કામ અને મોક્ષ, એ ચાર પુરુષાર્થ-માંથી જેણે એક પણ સંપાદન ન કર્યો તેનું મનુષ્યોમાં જન્મ થવાનું ફલ મૃત્યુજ છે, અર્થાત્ તેનું જીવતર વૃથા છે.

यावत् स्वस्थो ह्ययं देहो यावन्मृत्युश्च दूरतः ।
तावदात्महितं कुर्यात् प्राणांते किं करिष्यति ॥

ભાવાર્થઃ—જ્યાંસુધી આ દેહ નિરોગી છે, જ્યાંસુધી મૃત્યુ દૂર છે, ત્યાંસુધીમાં પોતાના આત્માના કલ્યાણ સારુ સત્કર્માદિ કરી લેવું યોગ્ય છે, કેમકે પછી પ્રાણ જવાની છેલ્લી ઘડીએ કંઈપણ બની શકશે નહિં.

માટે ઉત્તમ ભારતવર્ષમાં ઉત્તમ મનુષ્ય જન્મ, ઉત્તમ જ્ઞાતિમાં તેમાં ઉત્તમ બુદ્ધિ, ઉત્તમ અધિકાર, ઉત્તમ સંપત્તિ સર્વ શ્રેષ્ટતા પ્રાપ્ત થઈ છે તો તેમાં કાર્ય પણ શ્રેષ્ટ કરવુંજ જોઇએ-એટલે શું? સદ્ગુરુદ્વારા જ્ઞાન મેળવી.

પ્રભુ ભક્તિ કરી પાર ઉતરવું જોઇએ, એટલે આલોકનું સુખ ભોગવી અંતિમ પરલોક પ્રાપ્ત કરી શકાય છે.

રાગ–ચોપાઈ.

તુલસીદાસજી કહેછેઃ—

" ગુરુબિન ભવ નિધિ તરે ન કોઇ, જો વિરંચી શંકર સમ હોઇ."

**ભાવાર્થઃ**—બ્રહ્મા અને સદાશિવ જેવા સમર્થ હોય તોપણ તેને સદ્દગુરુની જરૂર છે; કારણકે સંસાર સમુદ્ર તે વિના તરી શકાય નહિં.

" શ્રી રામચંદ્ર ભગવાને ગુરુ વશિષ્ટ પાસેથી જ્ઞાન મેળવ્યું તેવીજ રીતે કૃષ્ણાવતારમાં સાંદીપન રૂષિને કૃષ્ણચંદ્ર ભગવાને ગુરુ ધારી જ્ઞાન મેળવ્યું કહેવાય છે." તો આપણે ક્ષણભંગુર પ્રાણીએ અવશ્ય સદ્દગુરુ શોધવા, શોધ્યા પછી પરમ ભાવથી અને બ્રહ્મવિદ્યા પ્રાપ્ત કરવી. એ વાત આગળ આપણા આચાર્યો તથા સંત મહાત્માઓ તથા ભક્ત ભણી ગયા છે.

બીજા ધર્મો હિંદુ સિવાયના પણ સદ્દગુરુનો મહિમા ગાયછે. આટલી વાત તો દરેક ધર્મ પોકાર કરીને કહેછે.

આ સંસારમાં જન્મ લીધા પછી આપણે કાંક સમજદાર થયા એટલે અનેક ઠેકાણે સંબંધ બાંધીએ છીએ, પણ તે તમારા સંબંધના કરતાં માતા, પિતા અને સ્ત્રી પુત્રાદિકનો સંબંધ વિશેષ ગણુય છે. પણ સદ્દગુરુનો સંબંધ તેનાથી પણ અધિક ગણાય છે, કારણ કે તે લૌકિક સંબંધ નથી અલૌકિક સંબંધ છે–દિવ્ય સંબંધ છે. આલોક અને પરલોક બેઉ સુધારે એવો સંબધ છે. સદ્દગુરુનો સંબંધ દેખતાંને દેખાય, આંધળાને દેખાય એવો નથી, દેખતાંને

મન ગુરુ ઇશ્વરથી પણ અધિક છે. આંધળાને મન ગુરુ તે એક સામાન્ય મનુષ્ય છે. સમજુને મન શી વાત? પણ અણ સમજુને મન-અન્ન નીને મન ભાજીમૂલા. જેમ માંદાને ડોકટર વ્હાલો, ભૂખ્યાને અન્ન વ્હાલું, કામીને સ્ત્રી વ્હાલી, વાંઝીયાને પુત્ર વ્હાલો, લોભીને ધન વ્હાલું, તેવીજ રીતે મુમુક્ષોને સદગુરુ વ્હાલા હોય છે. મહાન પુરુષો કહેછે કે:--

**कलत्रं धनं पुत्र पौत्रादि सर्वं, गृहं बांधवाः सर्व मेतद्धि जातं ।**
**गुरोरंघ्रि पद्मे मनश्चेन लग्नं, ततः किं ? ततः किं ? ततः किं ?**
**ततः किं ?**

**ભાવાર્થ**-સ્ત્રી, પુત્ર, ધન, વિદ્યા, ઘરબાર, ગામગરાસ, વિગેરે અનેક સુખનાં સાધનો તારી પાસે હોય, પણ સદગુરુ ચરણમાં જો પ્રીતિ થઇ ન હોય, તો તે તમામ ઠાઠ, તને થોડો વખત સુખ આપીને, લાંબો વખત દુઃખ આપનારાં છે-ભવસાગરમાં ભુલાં પાડનારાં છે, જન્મમરણના ચક્રમાં ફેંકનાર છે.

**૫૬.**

ડહ્‌ા ડહાપણ મુકી દે, સદ્‌ગુરુ ને શરણે જઇ રહે;
વચન તણો કરજે વિશ્વાસ, કુતર્કનો ત્યાં કરજે નાશ.
ઉપાધિથી અળગો રહે, ડહ્‌ા ડહાપણ મુકી દે;
ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું, રૂડા પુરુષને હૃદયે લહ્યું.
સમજુ જન તો લેશે સાર, ગાફલ નર તો ખાશે માર;
જોતામાં જોબન તો ગયું, ઢઢ્ઢા ઢોલ વગાડી કહ્યું.

કામ, ક્રોધ, લોભ, મોહ, મદ વિગેરે ભયંકર શીકારી પ્રાણીઓ, આ સંસાર વગડામાં ફર્યા કરેછે. સદ્‌ગુરુરૂપી રખોપો સાથે હોય તોજ તેમાંથી બચી શકાય છે. ભવસાગર તરવાને માનવ દેહરુપી નાવ મળ્યું, પણ સદ્‌ગુરુરૂપી સુકાની (હોડી હાંકનાર) નાવ ઉપર ન હોય તો આ નાવ ગમે ત્યાં અફળાઇને ભાંગી જાયછે, સામે કાંઠે પહોંચી શકતું નથી. જેમ નિશાળમાં મહેતાજી વિનાનું અંધારૂં, તેમ સદ્‌ગુરુ વિનાનું જીવન ભયંકર, અજ્ઞાનમય, દુઃખમય જણાય છે. જેમ ગોળ વિનાનો કંસાર, તેમ સદ્‌ગુરુ વિનાનો સંસાર.

કેટલાએક કહેછે કે 'સાચા ગુરુ મળતા નથી" પણ ગુરુએ કાંઇ ચૌટાની ચીજ નથી. પૈસા દેતાં એ કાંઇ મળતા નથી. એ તો પ્રેમની ચીજ છે. ગરજની ચીજ છે. લાચારીની ચીજ છે. ગુરુ શા માટે કરવા, ગુરુ કેવા જોઇએ, ગુરુ શિષ્ય વચ્ચે કેવો સંબંધ જોઇએ, વિગેરે મહત્વની બાબત, શાસ્ત્રોએ અને સંતોએ બહુ સારી રીતે વર્ણવી છે. આપણામાંના ઘણા તે વાત જાણેછે. માત્ર તે તરફ ઘણુંજ થોડું ધ્યાન આપવામાં આવેછે. શાક અગર દાતણ લેવામાં જેટલી ચપળતા–ચોકશી છે, તેટલી ગુરુ કરવામાં નથી. સદ્‌વિદ્યા, સંતોષ અને વૈરાગ્ય વિગેરે સદાચારરહિત ગુરુનું શરણ લેવું, તે ઉઘાડી આંખે ભાંગેલા વહાણમાં બેસવા જેવું છે.

**ચોપાઇ.**

ગુરુ શિષ્ય અંધ બધિર કર લેખા, એક ન સુને એક નહિં દેખા;
હરે શિષ્ય ધન શોક ન હરહિં, સો ગુરુ ઘોર નરકમેં પરહિં.

# સદ્‌ગુરુની યોગ્યતા.

સદ્‌ગુરુની યોગ્યતા તપાસીએ તો સદ્‌ગુરુ થવાને યોગ્ય તો શ્રીકૃષ્ણ એકજ છે. એ સિવાય સૌ અપૂર્ણ છે. દોષયુક્ત છે. દરેક પ્રાણી પદાર્થના દોષજ તપાસીએ, તો આ સંસારમાં જીવવું ગમે નહિં. દોષની સાથે ગુણ પણ તપાસીએ, ત્યારેજ શાન્તિ થાય. ઘઉં અને કાંકરા ભેળ ભેળ હોય, તેમાંથી જે જીવ કાંકરાજ વીણે, તેના હાથમાં કાંકરાનો ઢગલો થાય. આંખો મીંચીને ગુરુ કરવા નહિં પણ તપાસ કરીને ગુરુ કરવા'

એવું સૌ કોઈ જાણેછે પોતાથી બને તેટલી તપાસ કરીને, સદ્‌ગુરૂ કરવા. સદ્‌ગુરૂ શોધ્યા પછી, તેમના દોષજ વીણ્યા કરીએ તો આપણા હાથમાં દોષજનોજ ઢગલો થાય અને ધીમે ધીમે આપણે સદ્‌ગુરૂથી વિમુખ થતા જઇએ. બીજે ઠેકાણે ગુરૂ કરીએ, ત્યાં પણ આપણા સ્વભાવ પ્રમાણે, આપણને દોષનાંજ દર્શન થાય. ત્રીજે ચોથે ઠેકાણે પણ એમજ બને, એમ કરતાં કરતાં મોત આવી પહોંચે, અને કરવાનું રહી જાય.

ધનને માટે, અને આપણી સ્રીઓની લજ્જા જાળવવા માટે, આપણે બહુ દુઃખ વેઠીએ છીએ. જે સદ્‌ગુરૂને દ્વારે-ભલે જ્ઞાન ન મળતું હોય, પણ આ બે બાબતની રક્ષા થતી હોય, તો તે દ્વારેથી મુમુક્ષોએ કદિ ખસવું નહિં. ગુરૂ શિષ્યનો સંબંધ એવો છે કેઃ—

"ગુરૂ તો એવા જોઇએ, જે નવ માગે કાંઇ;
શિષ્ય તો એવા જોઇએ, જે નવ રાખે કાંઇ."

બેઉને અરસપરસ સંતોષ અને વિવેકથી રહેવું ઘટે છે. જેમ સ્રીને પતિ વિના ન ચાલે, ગમે ત્યાં સારૂં જોઇને પરણવુંજ પડે; તેમ મુમુક્ષુએ ગમે ત્યાં સારૂં જોઈને, ગુરૂ કરવાજ જોઇએ. પતિ વિનાની સ્રી દુ:ખી-ગાંડી ગણાય, અને ઘણા પતી કરે તો, વેશ્યા ગણાય. તેમ ગુરૂ વિનાનો મુમુક્ષુ દુ:ખી-મૂઢ ગણાય, અને ઘણા ગુરૂ કરે તો રખડતો ગણાય. એકજ પતિમાં જોડાએલી સ્રીને પતિસેવાની નવી નવી ભાવનાઓ પ્રગટે છે; તેમ એકજ ગુરૂમાં અનન્ય ભાવ કરનારા શિષ્યને, સેવાભાવ પ્રગટે છે સંતો અને શાસ્ત્રો કહેછે કે-'પહેલા ગુરૂ અને પછી ઇશ્વર.'

ગીતાજીમાં શ્રીકૃષ્ણચંદ્ર ભગવાન કહે કે:-

**नास्ति बुद्धिरयुक्तस्य नचायुक्तस्य भावना ।**

**नचाभावयतः शान्तिरशांतस्य कुतः सुखम् ॥** ॥૬૬॥ ગીતા અ. ૨

**ભાવાર્થ**-મનને સદ્ગુરૂમાં નહીં જોડનારો મનુષ્ય બુદ્ધિમાન ગણાતો નથી-બુદ્ધિહીન ગણાય છે. (જેમ પુત્ર વિનાની સ્રીના સ્તનમાં દુધ હોતુંજ નથી તેમ) એવા મનુષ્યને ભાવના પણ થતી નથી—ભાવના ન હોય, તેને શાન્તિ પણ હોતી નથી જેને શાન્તિ ન હોય, તેને સુખ ક્યાંથી હોય? નજ હોય. હાલતાચાલતા, ખાતાપીતા, બોલતા અને વાંક આવે તો ધમકાવતા. સંતો અગર સદ્ગુરૂ, પ્રભુને પામવાનુ સાચું દ્વાર છે. પ્રથમ પગથીયું છે; માટે જે તમારા સદ્ગુરૂ હોય તેમને અનન્ય ભાવથી સેવતાં શીખજો-તેમાં બધું છે.

શ્રી વાલ્મીકિના આશ્રમમાં શ્રી રામ પધાર્યાં, ત્યારે વાલ્મિકી બોલ્યા હતા કેઃ—

'તુહ્મ તે અધીક ગુરૂહિ જીય જાની, સકલ ભાવ સેવહિ સનમાની.'

માતાપિતા ગુરૂ, સાસુ સસરો, પણ ગુરૂ કુટુંબમાં કોઇ વડીલ હોય, તો તે પણ ગુરૂ દ્વિજોને યજ્ઞોપવિત આપે અને દ્વિજ સિવાયના વર્ણને કંઠી બાંધે તે પણ ગુરૂ, કોઇ આપણને ઠગી જાય તે પણ ગુરૂ; પણ જન્મ મરણના રેંટમાંથી મુક્ત કરવા માટે જ્ઞાન આપે તે સદગુરૂ એવા સદગુરૂને અનન્ય ભાવથી સેવજો. તેમાં બધું એ છે.

થોડું લખ્યું ઘણું કરીને માનજો. તમારૂં મન કબુલ કરે અને શાસ્ત્ર શાખ પૂરે તેમ કરજો, લ્યો ત્યારે ઘણાજ હેતથી જયશ્રીકૃષ્ણ.

———:o:———



# આરતિ.

આનંદ મંગળ કરૂં આરતિ, હરિગુરૂ સંતની સેવા.—ટેક.
પ્રેમધરિ મંદિર પધરાવું, સુંદિર સુખડાં લેવા.—આનંદ.
અડસઠ તિરથ મારા સતગુરૂ ચરણે ગંગા જુમના રેવા.— ,,
સંત મળે તો મહાસુખ થાયે, ગુરૂજી મળે તો મેવા — ,,
કહે પ્રિતમ ઓળખો અણુસારે સતગુરૂ ગોવિંદ જેવા — ,,
મારે આંગણે તુળસીનો કયારો. શાલીગરામની સેવા.— ,
શાખ ભરી મુક્તફળ લાવું. ભાત ભાતના મેવા — ,,
ત્રિભુવન તારણ ભક્ત ઉધ્ધારણ આનંદ રૂપી એવા.— ,,

અચ્યુતં કેશવં રામનારાયણમ શ્રીધરમ માધવમ શ્રીગોપીકા વલ્લભમ શ્રી જાનકીનાયકમ રામચંદ્રમ્ ભજે.

સનાતન ધર્મોપદેશક તથા હરિકિર્તન કરનાર,

**ભગવાનલાલ ગૌરીશંકર, ધોળા જંકશન, (કાઠિયાવાડ.)**

**હાલ મુંબઈ:—મંમાદેવીના પુવારા સામે, ઓઘા કુબેરના માળામાં પહેલે દાદરે, મુંબઈ, નં. ૩.**

**સમાપ્ત.**

# ઉમદા ફોટોગ્રાફ એ જીંદગીની
# અમર યાદગીરી છે.

અમારા સ્ટુડીઓમાં ફોટોગ્રાફીક કામ. તેમજ ઓઈલ પેઇન્ટીંગ. રશીયન પેઇન્ટીંગ, મોનોક્રોમ કલરવર્ક અને બ્લેક એન્ડ વ્હાઈટ એનલાર્જમેન્ટ વિગેરે દરેક કામ સંતોષકારક કરી આપવામાં આવે છે.

અમારૂં તદ્દન નવું હેલીઓ ટાઈપનું નવ જુદા જુદા રંગનું કામ ઘણુંજ દીલ આકર્ષક અને મનરંજન છે જે જોવાથી ખાત્રી થશે. અમારા ભાવો તદ્દન ઓછા છે, અને કામ ઘણું ઉમદા છે, માટે એક વખત પધારી ખાત્રી કરો.

## લક્ષ્મી આર્ટ ફોટો સ્ટુડીઓ,

૨૯૪, ગોવીંદ વાડી, કાલબાદેવી રોડ.
દ્વારકાનાથજીના મંદીર સામે, મુંબઈ, નં૦ ૨.

---

પ્રસિદ્ધ કરનાર:—કાલીદાસ પ્રભુરામ જોશી,
મંમાદેવી, કુઆરા સામે, મુંબઇ, ૨.
છાપનાર:—અમરચંદ લક્ષ્મીચંદ બેદ,
શ્રી હિન્દ લક્ષ્મી પ્રેસ, કાલબાદેવી રોડ, મુંબઇ, ૨.